# 10th East Asia Summit Foreign Ministers' Meeting

September 09, 2020

# 10મી પૂર્વ એશિયા શિખર સંમેલન વિદેશ મંત્રીઓની બેઠક

સપ્ટેમ્બર 09, 2020

1. ભારતનાં રાજ્ય કક્ષાનાં વિદેશ મંત્રી શ્રી વી. મુલલીધરને 9 સપ્ટેમ્બર 2020 નાં રોજ 10 મી પૂર્વ એશિયા શિખર સંમેલન વિદેશ મંત્રીઓની બેઠક (10મી EAS FMM) માં હાજરી આપી હતી. આ બેઠક વર્ચ્યુઅલી યોજવામાં આવી હતી.

2. આ બેઠકમાં EAS સહભાગી દેશામાં વિદેશ મંત્રીઓએ હાજરી આપી હતી અને તેની અધ્યક્ષતા વિયેતનામનાં માજી વડાપ્રધાન અને વિદેશ મંત્રી શ્રી ફામ બિન મિન્હ દ્વારા કરવામાં આવી હતી.

3. આ બેઠકમાં નેતાઓની આગેવાની ધરાવતા EAS મંચને તેની 15મી વર્ષગાંઠ પર મજબૂત કરવાનાં તથા ઉદ્ભવી રહેલા પડકારો પ્રત્યે તેને વધારે પ્રતિભાવક બનાવવાનાં માર્ગો અને સાધનો પર ચર્ચા કરવામાં આવી હતી. મંત્રીઓએ કોવિડ-19 મહામારી અને ઝડપી અને કાયમી રીકવરી હાંસલ કરવા માટે સહકાર સહિત વર્તમાન પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય વિકાસ પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું. આ બેઠકમાં EAS ફ્રેમવર્ક અંતર્ગત સહભાગી દેશો દ્વારા કરવામાં આપવામાં આવેલા વચનોની સ્થિતિ અને 2012 માં EAS નેતાઓ દ્વારા ગ્રહણ કરવામાં આવેલી EAS વિકાસ પહેલ પરનાં ફ્નોમ પેન્હ ડીક્લેરેશનનો અમલ કરવા મનિલા પ્લાન ઑફ્ એક્શન (2018-2022) નાં અમલીકરણમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. નવેમ્બર 2020 માં નિર્ધારિત આગામી 15માં EAS શિખર સંમેલન માટેની પૂર્વતૈયારીઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

4. રાજ્યકક્ષાનાં મંત્રીએ પોતાની ટિપ્પણીઓમાં કોવિડ-19 મહામારી દ્વાર અંકિત મુશ્કેલ અને અનિશ્ચિત સમયમાં 'સંયોજક અને પ્રતિભાવક ASEAN' તરફ સતત આગોવાની પ્રદાન કરવા માટે ASEAN અધ્યક્ષ તરીકે વિયેતનામની પ્રશંસા કરી હતી. તેણે ઈન્ડો-પેસિફિક પ્રાંતની અગ્રિમ યંત્રણા તરીકે EAS દ્વારા ભજવવામાં આવેલી મહત્વની ભૂમિકા પર ભાર મૂક્યો હતો અને તેને વધારે મજબૂત અને વધારે પ્રતિભાવક બનાવવા ભારતનાં સમર્થનનું પુનઃઉચ્ચારણ કર્યું હતું.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 09, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.